વર્તમાન શાસકોની છેલ્લી બેઠક હોવાથી અધ્યક્ષ સ્થાનેથી સાગમટી ૪૪ દરખાસ્તો રજૂ કરીને તમામ પ્રસ્તાવોને ધડાધડ બહાલી

જામ્યુકોની સ્ટેન્ડીંગ કમિટીમાં રૂા.૭૦૬ કરોડની દરખાસ્તો મંજૂર

જામનગર તા. ૧૧: વર્તમાન શાસકોની છેલ્લી બેઠક હોવાથી જામનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીને બેઠક માં રૂ. ૭૦૬ કરોડની દરખાસ્તો મંજૂર કરાઈ છે. અને કરોડોના વિકાસ કામોને ધડાધડ બહાલી આપી દેવાઈ છે. જેમાં ૪૪ દરખાસ્તોને અધ્યક્ષ સ્થાનેથી મંજૂરી અપાઈ હતી.

જામનગર મહાનગરપાલિકાની ગઈકાલે મળેલી વર્તમાન શાસકોની આખરી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કરોડો રૂપિયાના કામોને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં અનેક કામોની દરખાસ્ત અધ્યક્ષ સ્થાને રજુ થવા પામી હતી.

સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક તા. ૧૦-૦૩-૨૦૨૬ ના ચેરમેન નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. તેમાં કુલ ૧૧ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર કિન્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન.મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જિનિયર ભાવેશભાઈ જાની, આસી. કમિશ્નર (વ.) મુકેશ વરસણા, ઈચા. આસી. કમિશ્નર (ટે.) જીજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા.

લેબર લો કન્સલ્ટન્ટ નિમણૂક અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂા. ૬.૩૦ લાખ, બિમારી સબબ નાણાકીય સહાય અંગે કમિશ્નરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે સહાય રૂા. ૧.૫૦ લાખ ચુકવવા અંગે ભલામણ સાથે જનરલ બોર્ડમાં દરખાસ્ત મોકલવા નિર્ણય લેવાયો હતો. કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ફોર સીસીટીવી માટે રૂ. ૧૩.૪૦ લાખ, કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ફોર નેટવર્ક સર્વર, રાઉટર, સ્ટ્રક્ચર વિગેરે વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે રૂા. ૬૧.૪૧ લાખ, કોમ્પ્યુટર શાખાના એન્યુઅલ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ ફોર કોમ્પ્યુટર હાર્ડવેર વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે રૂા. ૯.૬૨ લાખ, ગુલાબનગર રેલ્વે ઓવરબ્રિજથી ધુવાવ બીજ સુધી આસ્ફાલ્ટ સિક્સ લેન વાઈડનીંગ તથા ગુલાબનગર રેલ્વે ઓવરબ્રિજથી ધુવાવ બીજ થઈ ખીજડીયા બાયપાસ સુધી આસ્ફાલ્ટ રી-કાર્પેટીંગનું કામ, સમર્પણ સર્કલથી ખંભાળીયા બાયપાસ સુધી આસ્ફાલ્ટ સિક્સ લેન વાઈડનીંગ તથા દિગ્જામ સર્કલથી સમર્પણ સર્કલ થઈ ખંભાળીયા બાયપાસ સુધી આસ્ફાલ્ટ રી-કાર્પેટીંગનું કામ, ભાનુ પમ્પથી લાલપુર બાયપાસ જંકશન સુધી રી-કાર્પેટીંગ કરવાના કામ માટે રૂા. ૬૪૯.૫૦ લાખ, સિક્યુરિટી ગાર્ડ, કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ અધર સ્ટાફ ઓફ રણમલ લેક તથા ખંભાળીયા ગેઈટ કામ અંગે રૂ. ૪૨૪.૩૯ લાખ, સિક્યુરિટી ગાર્ડ, કલીનીંગ, કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ અધર સ્ટાફ ઓફ ભુજીયો કોઠાના ત્રણ વર્ષ ના કામ માટે રૂા. ૧૦૧.૦૨ લાખ સપ્લાય ઓફ આઈએસઆઈ. માર્ક ૧૦૦ થી ૩૦૦ એમ.એમ. ડાયા કેબ્લ ક્લાસ ડી.આઈ. સી.એલ. પાઈપ્સ (વીથ રબ્બર ગાસ્કેટ) કન્ફર્મીંગ ટુ આઈ. એસ. ૮૩૨૯/૨૦૦૦ બીયરીંગ આઈ.એસ.આઈ. માર્ક એન્ડ સુટેબલ ફોર પુશ ઓન જોઈન્ટસના (૧ વર્ષ) ના કામ અંગે રૂા. ૪૬૪.૯૨ લાખ, લીકવીડ ક્લોરીન ટર્નરની ખરીદી માટે રૂા. ૧૫.૨૪ લાખ, ગોકુલનગર ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી./બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ અંગે રૂા. ૧૬.૧૨ લાખ, ગુલાબનગર ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્થનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી./બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ અંગે રૂા. ૧૭.૧૦ લાખ, આઉટ ઝોન એરિયાની વર્ષ : ૨૦૨૫-૨૬ ની ગ્રાંટ અંતર્ગત ટી.પી. સ્કીમ નં. - ૩/બ, ટી.પી. સ્કીમ નં. - ૫ તથા ટી.પી. સ્કીમ નં ૨૩ (જામનગર) ના વિસ્તારોમાં મેટલ રોડ બનાવવાનું કામ (પેકેજ-૨) અંગે રૂા. ૩૯૭.૭૮ લાખ, આઉટ ઝોન એરિયાની વર્ષ : ૨૦૨૫-૨૬ ની ગ્રાંટ અંતર્ગત ટી.પી. સ્કીમ નં. -૨૧ (જામનગર)ના વિસ્તારોમાં મેટલ રોડ બનાવવાનું કામ (પેકેજ-૫) અંગે રૂા. ૩૯૭.૭૮ લાખ આઉટ ઝોન એરિયાની વર્ષ : ૨૦૨૫-૨૬ ની ગ્રાંટ અંતર્ગત (૧) ટી.પી. સ્કીમ નં. -૧ (જાડા) અને (૨) ટી.પી. સ્કીમ નં. ૨ (જાડા) અને (૩) ટી.પી. સ્કીમ નં. ૨૩ ના વિસ્તારોમાં મેટલ રોડ બનાવવાનું કામ (પેકેજ-૧) અંગે રૂા. ૩૯૭.૭૮ લાખ, આઉટ ઝોન એરિયાની વર્ષ : ૨૦૨૫-૨૬ ની ગ્રાંટ અંતર્ગત ટી.પી. સ્કીમ નં. ૧૧ (જામનગર) ના વિસ્તારોમાં મેટલ રોડ બનાવવાના કામ અંગે રૂા. ૧૫.૯૩ લાખ, શંકર ટેકરી